
# પશ્ચિમ બંગાળની ચૂંટણી ભાજપ બંગાળમાં એન્ટ્રી કરશે કે મમતાની 'મમત' ટકી રહેશે



પશ્ચિમ બંગાળમાં વિધાનસભાની કુલ 294 બેઠક છે. 2021ની ચૂંટણીમાં અહીં મમતા બેનર્જીએ એકલા હાથે બાજી મારી હતી. મમતા બેનર્જીની તૃણમુલ કોંગ્રેસ એટલે કે ટીએમસીએ 213 બેઠક મેળવી હતી જ્યારે ભાજપે 77 બેઠક મેળવી હતી. ગઇ ચૂંટણીમાં પણ ભાજપે મમતાનો ગઢ તોડવાની સંપૂર્ણ કોશિશ કરી હતી. મહાસચિવ કૈલાશ વિજયવર્ગીય તો એક વર્ષ સુધી ત્યાં જ રહ્યાં હતાં. પરંતુ મમતાએ એકલે હાથે બાજી મારી હતી પરંતુ આ વખતે આ જંગ ભાજપ માટે પ્રતિષ્ઠાનો ગણવામાં આવે છે અને તેની તૈયારીના ભાગરૂપે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે અત્યારથી જ ત્યાં સભા ગજવવાની શરુઆત કરી દીધી છે. ભાજપ આ વખતે અહીં ઘૂસણખોરી અને બાંગ્લાદેશમાં થઇ રહેલી હિન્દુઓની હત્યાનો મુદ્દો ચગાવી રહ્યાં છે. તો મમતા બેનર્જીએ પણ એક દુર્ગામંદિર બાંધવાનું શરુ કરી દીધું છે. મમતા બંગાળના વિકાસ અને તેની અસ્મિતાની વાત લઇને જ આગળ વધુ રહી છે. તો બીજી તરફ મુર્શીદાબાદમાં ટીએમસીમાંથી જ હાંકી કઢાયેલા હુમાયું કબીરે અહીં બાબરી મસ્જિદ બનાવવાની જાહેરાત કરી દીધી છે. મુસ્લિમો તેના તરફ વળે છે કે પછી મમતા સાથે રહે છે તેના તરફ સૌની નજર છે. જો મુસ્લિમોના મતોનું વિભાજન થશે તો ભારતીય જનતા પાર્ટીને બંગાળમાં એન્ટ્રી કરતું કોઇ અટકાવી શકે તેમ નથી. મોદી કહી ચૂક્યા છે કે, ગંગા બિહાર થઇને જ બંગાળમાં જાય છે એટલે જે રીતે તેઓ બિહાર જીત્યા છે તે રીતે જ બંગાળ પણ જીતી લેશે. આ ઉપરાંત તામિલનાડું, કેરેલા અને આસામમાં પણ ચૂંટણી યોજાઇ રહી છે જો કે તે નાના રાજ્યો છે.






## પ્રયાગરાજના માઘ મેળામાં 15 કરોડ શ્રધ્ધાળુ આવવાની શક્યતા

ગયા વર્ષે મહાકુંભના આયોજન બાદ આ વર્ષે પણ પ્રયાગરાજ ભક્તિના રંગમા રંગાવા માટે સજ્જ થઇ ગયું છે. 3 જાન્યુઆરીથી શરુ થનારા અહીંના માઘ મેળામાં દેશ અને દુનિયામાંથી 15 કરોડ શ્રદ્ધાળુંઓ આવે તેવી સંભાવના છે. ધાર્મિક મહત્વ ધરાવતા સ્નાન હોય તે દિવસે મેળા ક્ષેત્રને નો વ્હિકલ ઝોન જાહેર કરવામાં આવશે.મેળામાં કટોકટીને પહોંચી વળવા માટે 10 પ્લાન તૈયાર કરવામાં આવ્યા છે. પ્રયાગરાજમાં સ્નાન ઘાટ પર ચોકીની સંખ્યા 40થી વધારીને 42 કરવામાં આવી છે તો સ્નાનઘાટ પણ 24થી વધારીને 31 કરવામાં આવ્યા છે આ ઉપરાંત એક સાથે 1.30 લાખ વાહન પાર્ક થઇ શકે તેવા 42 પાર્કિંગ સ્થળ ઊભા કરવામાં આવ્યા છે.



## મુંબઇ મહાનગર પાલિકાની ચૂંટણી ઠાકરે પરિવારનું રાજકીય ભવિષ્ય નક્કી કરશે

મુંબઈ મહાપાલિકામાં સાડા ત્રણ વર્ષથી વહીવટદારનું શાસન છે. તે અગાઉ આશરે અઢી દાયકા સુધી ત્યારની અવિભાજિત શિવસેનાએ મુંબઈ મહાપાલિકામાં સત્તા ભોગવી હતી. હવે બદલાયેલી રાજકીય સ્થિતિમાં શિવસેનાના બે ભાગ પડી ગયા છે. બીજી તરફ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ આશરે બે દાયકા બાદ મહાપાલિકા ચૂંટણી માટે હાથ મિલાવી લીધા છે. આ વખતે એકનાથ શિંદેની શિવસેના નહિ પરંતુ પોતાના મેયર મહાપાલિકામાં બેસે તેવી ભાજપની નેમ છે. દિવાળી બાદ આ સંદર્ભમાં રાજકીય ગતિવિધિઓ વધુ જોર પકડે તેવી સંભાવના છે.

### માર્ચ મહિનામાં થનારુ પહેલું ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે



2026ના વર્ષનું પહેલું સૂર્ય ગ્રહણ 17 ફેબ્રુઆરીના રોજ મંગળવારે થશે. જોકે તે ભારતમાં નહીં દેખાશે ફક્ત દક્ષિણ આફ્રિકા, દક્ષિણ આર્જેન્ટિના અને એન્ટાર્કટિકામાં જોવા મળશે. જ્યારે વર્ષનું બીજું સૂર્ય ગ્રહણ બુધવારે 12 ઓગસ્ટ 2026ના રોજ થશે. આ પૂર્ણ સૂર્ય ગ્રહણ પૂર્ણ સૂર્યગ્રહણ છે. જ્યારે 2026નું પહેલુ ચંદ્રગ્રહણ 3 માર્ચ મંગળવારે થશે આ ગ્રહણ ભારત સહિત એશિયાના અનેક દેશમાં દેખાશે. ઓસ્ટ્રેલિયા, ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકામાં પણ દેખાશે. આ ખંડગ્રાસ ગ્રહણ હશે. જ્યારે આ વર્ષનું બીજી ચંદ્ર ગ્રહણ 28 ઓગસ્ટે થશે જે ભારતમાં નહીં દેખાશે. ફક્ત ઉત્તર અને દક્ષિણ અમેરિકા, યુરોપ અને કેટલાક આફ્રિકન દેશોમાં દેખાશે.

### બે નવા એક્સપ્રેસ-વે ખુલ્લા મુકાશે

**ગંગા એક્સપ્રેસ વે :** 594 કિમી લાંબો આ એક્સપ્રેસવે મેરઠને પ્રયાગરાજ સાથે જોડશે. અત્યારે આ બે શહેર વચ્ચેનું અંતર કાપતા 12થી 13 કલાક લાગે છે જે માત્ર 6-7 કલાકમાં જ કપાશે.

**દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવે :** ધાર્મિક પર્યટનના દ્રષ્ટીકોણથી 670 કિલોમીટર લાંબો આ એક્સપ્રેસ વે 670 કિલોમીટર લાંબો છે. દિલ્હીથી કટરા વચ્ચેનું અંતર 14 કલાકને બદલે અડધુ થઇ જશે. આ હાઇવેના કારણે અમૃતસર, લુધિયાણા, જલંધર અને જમ્મુના પર્યટન ઉદ્યોગનો પણ વિકાસ થશે.



## પહેલી વંદેભારત સ્લીપર એક્સપ્રેસ પટનાથી દિલ્હી વચ્ચે દોડશે

પટનાના રાજેન્દ્રનગર ટર્મિનલથી સાંજે ઉપડેલી ટ્રેન સવારે દિલ્હી પહોંચશે. આ ટ્રેનને અઠવાડિયામાં છ દિવસ ચલાવવાની યોજના છે. ટ્રેન 160 કિમી પ્રતિ કલાકની મેક્સિમમ સ્પીડે દોડાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. સાથોસાથ ટ્રેનમાં કવચ સિસ્ટમ, ક્રેશ-પ્રુફ ડિઝાઈન જેવી ઉચ્ચ સિક્યોરિટી ટેક્નોલોજીનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે. જરૂરિયાતના સમયે આ ટ્રેનમાં કોચની સંખ્યા વધારીને 24 સુધી કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.આ ટ્રેનમાં કુલ 16 કોચ હશે. જેમાં 827 બર્થ હળે. જે પૈકી થર્ડ એસીમાં 611, સેકંડ એસીમાં 188 અને ફર્સ્ટ એસીમાં 24 બર્થ હશે.

## 2026 અને ભારત

### ભારત-અમેરિકા સંબંધો: ટ્રમ્પ અને ટેરિફ



**અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની સત્તામાં વાપસી સાથે ભારત માટે નવી તકો અને પડકારો બંને ઉભા થયા છે. સૌથી મોટો પ્રશ્ન 'ટ્રેડ ડીલ' (વેપાર કરાર) નો છે. ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિ અને ભારતના ઉત્પાદનો પર ટેરિફની શક્યતા ભારત માટે માથાનો દુખાવો બની શકે છે.**

### યુરોપ પર ફોકસ

**વર્ષ 2026 ની શરૂઆત ભારત યુરોપ સાથેના સંબંધો મજબૂત કરીને કરશે. આ વખતે પ્રજાસત્તાક દિવસ પર ભારત યુરોપિયન યુનિયન (EU) ના નેતાઓ ઉર્સુલા વોન ડેર લેયેન અને એન્ટોનિયો કોસ્ટાની યજમાની કરશે.**



### EU સાથે ટ્રેડ ડિલ

**જર્મની અને ફ્રાન્સ: જાન્યુઆરીમાં જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ અને ફેબ્રુઆરીમાં ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ભારતની મુલાકાતે આવી શકે છે, જે સંરક્ષણ અને આર્થિક ક્ષેત્રે ભારતની પકડ મજબૂત કરશે.**

## ઇસરો GISAT-1A લોન્ચ કરશે

**1** GISAT-1A : પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહો અવકાશમાં મોકલાશે. જે અધતન પૃથ્વી દેખરેખ માટે EOS-5 (Oceansat-3A) અને GISAT-1A (EOS-05) જેવા મિશન માટે પ્રક્ષેપણ કરવામાં આવશે.

**2** ટેક્નોલોજી પ્રદર્શનો: ઇલેક્ટ્રિક પ્રોપલ્શન અને સંભવિત ક્વોન્ટમ કોમ્યુનિકેશન ટેક જેવી નવી સિસ્ટમોનું પરીક્ષણ.

**3** વાણિજ્યિક પ્રક્ષેપણ: ખાનગી અને આંતરરાષ્ટ્રીય સંચાર ઉપગ્રહો માટે સતત LVM3 અને PSLV પ્રક્ષેપણ, ભારતના અવકાશની યોજનાથી અર્થતંત્રને વેગ આપશે.






### BRICS ની અધ્યક્ષતા અને ક્વાડ (Quad) સમિટ

**2026 માં ભારત BRICS શિખર સંમેલનની યજમાની કરવાનું છે. આ સંમેલનમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ભારત આવશે.**

### ટેક્નોલોજીની નવી સીમા: AI ઈમ્પેક્ટ સમિટ



**ફેબ્રુઆરી 2026 માં ભારત 'The AI Impact Summit' નું આયોજન કરવા જઈ રહ્યું છે. ફ્રાન્સ બાદ ભારત આ સમિટનું આયોજન કરનાર બીજો દેશ બનશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સેમિકન્ડક્ટર ચીપ્સ ક્ષેત્રમાં ભારતનું ભવિષ્ય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને સેમિકન્ડક્ટર ચિપ્સની રેસમાં ભારત પોતાની તાકાત બતાવવા તૈયાર છે. ખાસ કરીને ચીન અને અમેરિકા વચ્ચેની ટેક-વોરમાં ભારત એક નવા અને મજબૂત ખેલાડી તરીકે ઉભરી રહ્યું છે.**

### રશિયા-યુક્રેન શાંતિ પ્રક્રિયામાં ભારતની ભૂમિકા

**અમેરિકાએ રશિયન તેલ પર 25% ટેરિફ લગાવ્યા બાદ વૈશ્વિક અર્થતંત્રમાં પરિવર્તન આવ્યું છે. ભારત હવે માત્ર રશિયાનું મિત્ર જ નથી, પણ યુક્રેન શાંતિ પ્રક્રિયામાં એક મધ્યસ્થી તરીકે ઉભરી રહ્યું છે. રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીની ભારત મુલાકાત અંગે પણ ચર્ચાઓ તેજ છે, જે યુદ્ધ વિરામ માટે મહત્વની સાબિત થઈ શકે છે.**







### બોર્ડર 2

સની દેઓલ અને વરુણ ધવન અભિનીત આ દેશભક્તિથી ભરપૂર ફિલ્મ 23 જાન્યુઆરી, 2026 ના રોજ રિલીઝ થશે. પ્રજાસત્તાક દિવસના વીકેન્ડનો આ ફિલ્મ પૂરો લાભ ઉઠાવશે.





### લવ એન્ડ વોર

સંજય લીલા ભણસાલીની આ બિગ બજેટ ફિલ્મ જેમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ છે, તે 14 ઓગસ્ટ, 2026 ના રોજ સિનેમાઘરોમાં આવશે. આ ફિલ્મ સ્વતંત્રતા દિવસના વીકેન્ડ પર ધમાકો કરવા તૈયાર છે.

### રામાયણ Part 1:


નિતેશ તિવારીની આ મહાકાવ્ય પર આધારિત ફિલ્મ જેમાં રણબીર કપૂર ભગવાન રામના રોલમાં છે, તે દિવાળીના અવસરે એટલે કે નવેમ્બર 2026 માં રિલીઝ થવાનું આયોજન છે. (સંભવિત તારીખ: 8 નવેમ્બર, 2026).




### દ્રશ્યમ 3

અજય દેવગનની લોકપ્રિય સસ્પેન્સ ફ્રેન્ચાઈઝીનો ત્રીજો ભાગ 2 ઓક્ટોબર, 2026 (ગાંધી જયંતિ) ના રોજ રિલીઝ થવાની શક્યતા છે.




### કિંગ

શાહરૂખ ખાન અને સુહાના ખાનની આ એક્શન પેક્ડ ફિલ્મ 2026ના વર્ષમાં જ રિલીઝ થશે. જોકે તેની ચોક્કસ તારીખ હજુ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી, પરંતુ તે વર્ષના મધ્યમાં અથવા અંતમાં આવી શકે છે.

## ભારત 2026 સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું ગ્રાહક બજાર બનવા માટે તૈયાર છે

ભારત 2026 સુધીમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું ગ્રાહક બજાર બનવાના માર્ગ પર છે, જે જર્મની અને જાપાનને પાર કરે છે. 2024 માં ઘરગથ્થું વપરાશ લગભગ $2.4 ટ્રિલિયન સુધી બમણું થઈ ગયું છે, ચીન અને યુ.એસ. વધતા મધ્યમ વર્ગ, સમૃદ્ધ સેગમેન્ટનો વિસ્તાર કરવો અને ઇ-કોમર્સ અને રિટેલ ઉત્ક્રાંતિને બળતણ આપતા ડિજિટલ અને નાણાંકીય સમાવેશમાં વધારો વૃદ્ધિ ચાલકો છે. આર્થિક વૃદ્ધિ આ વલણને ટકાવી રાખવાની અપેક્ષા છે, જે વ્યવસાયો અને રોકાણકારો માટે નોંધપાત્ર તકો સાથે વૈશ્વિક તબક્કે ભારતને મુખ્ય ગ્રાહક પાવરહાઉસ તરીકે સ્થાન આપે છે.